હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આમ અમે આપબળે થોડી સીટો જીતી શકીએ તેમ છીએ... પણ સારા નસીબ હોય અને કોઈ અમને તૂચ્છ, કહે અભદ્ર શબ્દ વાપરે તો અમે સંપૂર્ણ બહુમતિવાળી સરકાર ચોક્કસ બનાવી શકીશું...!!

ગાંધીનગરથી ૧૨૦૦ હોમગાર્ડ જવાનોને ગીર સોમનાથ મોકલાયા

ગાંધીનગરના હોમગાર્ડસને ચૂંટણી બંદોબસ્ત માટે ફરજ સોંપી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન આવતીકાલે ૯ ડિસેમ્બરે છે. જે અંતર્ગત તે વિસ્તારોમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા ચાંપતો પોલીસ બંદોબસ્ત અને પેરામીલેટરી ફોર્સને તે વિસ્તારોમાં તૈનાત કરી દીધી છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ બુથો પર વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

રાજયના વિવિધ જિલ્લાઓમાંથી પોલીસ જવાનો અને હોમગાર્ડ જવાનોને પ્રથમ તબક્કાના મતદાનના દિવસે સૌરાષ્ટ્ર સહિતના વિવિધ વિસ્તારોમાં બંદોબસ્ત માટે મોકલવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાંથી પણ હોમગાર્ડ જવાનોને બંદોબસ્ત ડ્યુટી આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં પોલીસ જવાનોની અછતને પગલે પોલીસ જવાનોને મોકલવામાં આવ્યા નથી પરંતુ ૧૨૦૦ હોમગાર્ડ જવાનોને ચૂંટણી બંદોબસ્ત માટે ગીર સોમનાથ ખાતે મોકલવામાં આવ્યા છે.

ગાંધીનગર દક્ષિણના કોંગ્રેસના ઉમેદવાર ગોવિંદજી સોલંકી કાર્યકરો સાથે જોર-શોરથી ગામડાઓમાં પ્રચાર કરી રહ્યા છે. ખુબ મોટો મત વિસ્તાર હોવાથી ગોવિંદજી વધુમાં વધુ મતદારો સુધી પહોંચી શકાય તે હેતુથી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગરના ગોકુળીયા ગામ રાયસણ ખાતે પ્રચાર માટે આવતા ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો, પાટીદાર સમાજ દ્વારા ગોવિંદજીનું ભવ્ય સ્વાગત કરાયુ હતુ. ત્યારબાદ તેઓએ ગામમાં પ્રચાર કરીને મતદારોને મળીને તેઓના પ્રશ્નો અને રજુઆતો સાંભળી હતી. ગોવિંદજી સાથે કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અરે વાહ..!!! દિકરીની લગ્ન કંકોત્રી પર પણ મતદાન જાગૃતિનો સંદેશ..!!!

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીનો રંગ બરાબર જામ્યો છે અને ચૂંટણીની અસર હવે ચોતરફ જોવા મળે છે. મતદાન એ લોકશાહીનો પ્રાણ છે અને કેવી સરકાર રચવી, સરકાર બદલવી કે નહી તેનો નિર્ણય પ્રજા મતદાન થકી આપે છે. આ મતદાનનું મહત્વ લોકશાહીમાં કેટલુ છે અને સામાન્ય નાગરિકો પણ તેને કેટલુ અગત્યનું માને છે તેની પ્રતિતિ કલોલના એક નાગર સદગૃહસ્થે તેમની દિકરીના લગ્ન પ્રસંગે છપાવેલી કંકોત્રી પરથી ખબર પડે છે.

એક તરફ ચૂંટણી પંચ પણ સો ટકા મતદાન થાય તે હેતુથી મતદાતા જાગૃતિ અભિયાન ચલાવે છે ત્યારે બીજી તરફ જાગૃત નાગરિકો સોશ્યલ મિડિયા કે અન્ય માધ્યમ થકી મતદાન પ્રત્યે અન્યોને જાગૃત કરતા રહે છે જે તંદુરસ્ત લોકશાહીની નિશાની છે. કલોલના નાગર સદગૃહસ્થ કિશોરકુમાર ગિરીશચંદ્ર ભટ્ટે તેમની દિકરીના લગ્ન પ્રસંગે છપાવેલી કંકોત્રી પર મતદાતાઓને અવશ્ય મતદાન કરવા જાગૃત કરતી અપીલ છપાવી છે. તેમણે કંકોત્રીના કવર પર જ છાપ્યું છે કે 'વિધાનસભાના મતદાન સમયે અવશ્ય મતદાન કરો, જો આપને મતદાન કરવાનો સમય નથી, તો આપણને ન ગમતા ઉમેદવાર, પક્ષ કે સરકાર માટે બોલવાનો કોઈ જ અધિકાર નથી.' આમ, એક સામાન્ય નાગરિક એક એક મતની કિંમત શું છે અને મતદાન કરવુ એ કેટલી પવિત્ર ફરજ છે તે આ કંકોત્રી પરથી પ્રતિત થાય છે. સાથે સાથે લગ્ન સીઝન પર પણ ચૂંટણીની અસરનો અંદાજ આવે છે.

ગુજરાતની જનતાનો આક્રોશ મતોમાં ફેરવાશે : અખિલેશ

અમદાવાદ,તા.૮

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ આજે ગુજરાતની મુલાકાત દરમ્યાન અમદાવાદના મહેમાન બન્યા હતા. તેમણે ભાજપના વિકાસના દાવાઓની પોલ ખોલતાં અને તેને ખોખલા ગણાવતાં મોદી સરકાર અને ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત મોડેલની મોદીજીએ માત્ર વાતો કરી છે, વાસ્તવમાં એવું કંઈ છે નહી. વિકાસના દાવાઓ પોકળ અને ખોખલા છે. ભાજપના છેલ્લા ૨૨ વર્ષોના અત્યાચારી શાસનથી કંટાળેલી ગુજરાતની જનતા આક્રોશમાં અને ગુસ્સામાં છે. ગુજરાતની જનતાનો આ આક્રોશ અને ગુસ્સો મતમાં ફેરવાશે. ગુજરાતની જનતા ભાજપને જોરદાર જવાબ આપશે. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે ગુજરાતની જનતાને સારા શાસનને રાજયમાં સ્થાપિત કરવા સારા પક્ષને મત આપવાની અપીલ કરી આડકતરી રીતે કોંગ્રેસને મત આપવાનો ઈશારો કર્યોહતો.

પ્રથમ તબક્કાની ચૂંટણીને લઈ સઘન સુરક્ષા

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે.કોઈ પણ પ્રકારની હિંસાને રોકવા માટે પણ ચૂંટણી પંચે કમર કસી લીધી છે. તમામ મતદાન મથકો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. ગુજરાત ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં પુરી થાય એ માટે પહેલા તબકકામાં કુલ મળીને ૨,૪૧,૬૭૫ જેટલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને વિવિધ સ્થળે ફરજ ઉપર તૈનાત કરવામા આવી રહ્યા છે. આ ઉપરાંત બીજા તબકકામા ૧,૧૬,૪૦૪ કર્મચારીઓ સાથે ૧,૨૫,૨૭૧ કર્મયોગીઓ તેમને સોંપવામા આવેલા ફરજના સ્થળે સુરક્ષા વ્યવસ્થાની કામગીરી સંભાળશે. આમ રાજયમાં કુલ મળીને ૧.૭૪ લાખ સુરક્ષા કર્મીઓ ફરજ બજાવશે.રાજયમાં આચાર સંહિતાનો અમલ ચાલી રહ્યો છે.

પાટીદારોનુ વલણ કઈ તરફ રહેશે તેની ચર્ચા

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજનાર છે. પ્રથમ તબક્કામાં પાટીદારોનુ વલણ કઈ તરફ રહેશે તે બાબત ખુબ મહત્વપૂર્ણ રહેશે. તેના પર ભાજપ અને કોંગ્રેસની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. અનેક બેઠકો ઉપર રસપ્રદ જંગ ખેલાવવાનો છે. રાજકોટ-૬૯ પર મુખ્યમંત્રી વિજય રૂપાણી ચૂંટણી મેદાનમાં છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત તથા કચ્છમાં ૫૦ ટકા મતદારો ૪૦ વર્ષથી ઓછી વયના છે. આવતીકાલે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અન્યોના ભાવિનો ફેંસલો થશે જેમાં જીતુ વાઘાણી, શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, પરેશ ધાનાણીનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રમાં મોટી વસતી પટેલોની જેમાં યુવા પટેલ વધુ છે. પટેલ સમુદાયના મત કોઈપણ પક્ષને ૩૮ બેઠક ઉપર જીત અપાવી શકે છે. પટેલોની મરજીથી અહીં ચૂંટણી જીતી શકાય છે. આ સંજોગોમાં ખુબ મહત્વપૂર્ણ બાબતો આવતીકાલની ચૂંટણીને લઈને સ્પષ્ટ થનાર છે. પ્રથમ તબક્કામાં ૧૦ તાલુકા, ૯૩૯ ગામડા અને ૭ નગરપાલિકા વિસ્તારમાં મતદાનાર થનાર છે.

જન વિકલ્પ પાર્ટીના ઉમેદવાર કરણસિંહ વાઘેલાએ ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર તેજ કરી દીધો છે. ગામડાઓના મતદારોને રીઝવવા રાજકીય ઉમેદવારોએ દોટ લગાવી છે. ત્યારે ખેડૂતોના પ્રશ્નોને વાચા આપતા જન વિકલ્પના કરણસિંહ વાઘેલાને દરેક ગામડે નાગરીકો દ્વારા ખુબ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. તેઓએ પીંડારડા, પીંપળજ, કોલવડા, સોનીપુર, રૂપાલ, સરઢવ,રાંધેજા, ઉનાવા સહિતના ગામોમાં ઘરે ઘરે ફરીને પ્રચાર કર્યો હતો. આ પ્રસંગે તેઓની સાથે મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. ત્યારે જન વિકલ્પ પાર્ટી રવિવારથી શહેરી વિસ્તાર ખુંદી વળશે. રેલી, સભાઓ થકી મતદારો સુધી પહોંચવા પ્રયાસ કરાશે.

વડોદરા-સુરતમાં મેટ્રો ટ્રેનનું ભાજપ દ્વારા વચન

ગ્રોથ રેટ ૧૦ ટકાથી પણ વધારે કરવાનું વચન : મોટા શહેરોમાં એરકન્ડીશન્ડ બસ, કૃષિ આવક બમણી કરવા સહિતના વિકાસના શ્રેણીબદ્ધ વચનો અપાયા

અમદાવાદ, તા.૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પ્રથમ તબક્કાનું મતદાન આવતીકાલે યોજાવા જઈ રહ્યું છે તેના પંદર કલાક પહેલા ભાજપે આજે તેનો સંકલ્પપત્ર વિધિવત્ રીતે જાહેર કર્યો હતો. ભાજપે અવિરત વિકાસ અને અડીખમ વિશ્વાસના સૂત્ર સાથે જાહેર કરેલા તેના સંકલ્પપત્રમાં ભાજપનું વિકાસ એન્જિન ૧૦ ટકાના ગ્રોથ રેટથી વધુ તેજગતિએ આગળ ધપાવવાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી, કેન્દ્રીય કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદ, રાષ્ટ્રીય મહામંત્રી અનિલ જૈન, ગુજરાતના ચૂંટણી પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સહિતના મહાનુભાવોએ આજે વિધાનસભાની ચૂંટણી ૨૦૧૭ને લઈ ભાજપનો સંકલ્પપત્ર જાહેર કર્યો હતો. જેમાં સુરત-વડોદરામાં મેટ્રો ટ્રેન સેવા, મોટા શહેરોમાં એરકન્ડીશન્ડ બસ સેવા, કૃષિ આવક બમણી કરવા, ગૌહત્યાના કાયદાનું અસરકારક અમલીકરણ, ૨૦૨૨ સુધીમાં વેકટર-બોર્ન રોગ મુકત ગુજરાત સહિતના નવા વિકાસના સંકલ્પ અને ગુજરાતની જનતા માટે લોકકલ્યાણના કાર્યો અને આયોજનની જાહેરાત કરવામાં આવી હતી. એક રીતે જોવા જઈએ તો, ભાજપે પોતાના સંકલ્પપત્રમાં વિકાસનું તેનું વીઝન રિપીટ કર્યું છે.ભાજપના સંકલ્પપત્રના વિમોચન પ્રસંગે કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, ભારત સહિત સમગ્ર વિશ્વ જયારે મંદીના માહોલ ગરકાવમાં થયેલું હતું, ત્યારે તેવા સમયે સમગ્ર વિશ્વમાં એક માત્ર ગુજરાત રાજયએ ૧૦ ટકાના ગ્રોથ રેટથી તેનો વિકાસ દર જાળવી રાખ્યો હતો અને સફળતાભરી પ્રગતિ કર્યે રાખી હતી. દેશભરમાં ગુજરાત એક જ માત્ર એવું રાજય હતું, જે ડબલ ડીઝીટમાં એટલે કે, ૧૦ ટકાના ગ્રોથ રેટ પર વિકાસના પંથે આગળ ધપ્યુ હતું. એ પછી બીજા નંબરે મધ્યપ્રદેશનો ગ્રોથ રેટ ૮.૧ ટકા હતો, ચાઈના પણ ૬.૫ ટકાના વિકાસદર પર આવી ગયુ હતું. આમ, ગુજરાતના વિકાસ સામે સવાલો ઉઠાવતાં લોકોએ તેના ગ્રોથ રેટની ગતિ જોઈને સમગ્ર મામલાની ગંભીરતા સમજી લેવી પડશે એમ કહી જેટલીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. જેટલીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભાજપે તેના સંકલ્પપત્રમાં ગુજરાતની જનતા ખાસ કરીને યુવાઓ, ખેડૂતો, મહિલાઓ, સિનિયર સીટીઝનો સહિતના તમામ લોકોના કલ્યાણ અને વિકાસની વાત કરી છે. સાથે સાથે ગુજરાતની કૃષિલક્ષી, આરોગ્ય અને સ્વાસ્થ્ય, શિક્ષણ સહિતના મુદ્દાઓને પણ પ્રાધાન્યતા આપી તેમાં પણ નવી ઉંચાઈ હાંસલ કરવાના આયોજન કરાયા છે. દરમ્યાન ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાજપ કોંગ્રેસની માફક સપનોના સોદાગર બનીને ખોટા વાયદાબજાર આપી ગુજરાતની જનતાને છેતરવા માંગતી નથી. ભાજપ વિકાસના તેના પંથ પર ૧૦ ટકાના ગ્રોથ રેટથી વધુ તેજ ગતિએ આગળ ધપશે. વાઘાણીએ ગુજરાતને વંશવાદ, જાતિવાદ અને કોમવાદથી મુકત બનાવવાની જાહેરાત કરતાં વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના સંકલ્પપત્રમાં ગુજરાતની જનતા અને સમાજના તમામ વર્ગોને ધ્યાનમાં રાખી તેમના કલ્યાણ, ઉત્કર્ષ અને વિકાસ માટેની યોજના અને આયોજનો સમાવિષ્ટ કરાયા છે. જેમાં કૃષિની આવક બમણી, સુરત-વડોદરામાં મેટ્રો ટ્રેન સેવા, મોટા શહેરોમાં એરકન્ડીશન્ડ બસ સેવા, દરેક આદિવાસીઓને જમીન માલિકી, ગૌહત્યા કાયદાનો અસરકારક અમલ, જેનરીક દવાના વેચાણ કેન્દ્રોમાં વધારો, યુવાનોને રોજગાર અને કૌશલ્ય વિકાસ માટે આર્થિક સહયોગ, મહિલા સશિકતકરણ અને તેમની સુરક્ષા, ગુજરાતના ગામડાઓનો સર્વાંગી વિકાસ, ખેડૂતોને વ્યાજમુકત ધિરાણ, તેમને રાહત ભાવે ખાતર અને સિંચાઈના પાણી સહિતના અનેકવિધ મુદ્દાઓને આવરી લેવાયા છે. ભાજપ ગુજરાતની જનતાને ખોટા વચનો આપવામાં નથી માનતી પરંતુ પ્રજા માટે વિકાસની કેડી કંડારીને બતાવી છે અને તેને વધુ તેજ ગતિએ આગળ ધપાવીને બતાવશે. આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૫૦ પ્લસના તેના લક્ષ્યાંકને હાંસલ કરી જવલંત વિજય મેળવશે તેવી આશા પણ જીતુ વાઘાણીએ વ્યકત કરી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જાહેર નિવિદા

તા. ૭/૧૨/૨૦૧૭

અત્રેના સાબરકાંઠા જીલ્લા આરોગ્ય સોસાયટી, સાબરકાંઠા, હિંમતનગર ખાતે છ. **Capacity Building Workshop to 'Counseling Skill & Knowledge on Nutrition, Reproductive & Secual Health Components of RKSK (Rastriya Kishor Swasthya Karyakram Program'**ની તાલીમાં કુલ ૪૦ તાલીમાર્થીઓ માટે ફક્ત હિંમતનગર ખાતે સાધન સુવિધા સંપન્ન ઠેકેદારો પાસેથી નીચે મુજબની વિગતે ભાવો મંગાવવાના થાય છે.

(૧) સવારે ૮-૩૦ ચા-કોફી તેમજ નાસ્તો, સવારે ૧૧ વાગે ચા-કોફી, બપોરે ૧-૩૦ ભોજન, સાંજે ૪ વાગે ચા-કોફીની વ્યવસ્થા માટેના ભાવ (ડિશદીઠ)

(૨) તાલીમ માટે હોલ, માઈક, પ્રોજેક્ટર, લેપટોપ, સાઉન્ડ સીસ્ટમ તથા પાણીની વ્યવસ્થા માટે ૧ (એક) દિવસનો ભાવ

(૩) ટ્રેઈનરને રાત્રી રોકાણ માટે રૂમોની વ્યવસ્થા માટેના ૧ (એક) દિવસનો ભાવ (બ્રેકફાસ્ટ, લંચ, ડિનર, બે ટાઈમ ચા સહિત) (૧ રૂમમાં એક વ્યક્તિ)

ઉપરોક્ત તાલીમની કુલ ૪ બેચ (૧૬૭ વ્યક્તિ) માટે હિંમતનગર ખાતેની લોકલ હોટલોના ભાવો તમામ ટેક્ષ સહિત ફક્ત રજીસ્ટર પોસ્ટ એડી મારફતે અત્રેની કચેરીએથી કવર ઉપર 'તાલીમ માટેના હોલભાડા, ભોજન અને રૂમભાડા વિગેરે વ્યવસ્થા અંગેના ભાવપત્રક' લખીને નીચેના સરનામે આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં મોકલી આપવાના રહેશે. વધુ માહિતી અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

સહી/-
સભ્ય સચિવ,
જીલ્લા આરોગ્ય સોસાયટી અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી,
સાબરકાંઠા જિલ્લા પંચાયત

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૪૯૨/૨૦૧૭-૧૮